# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-11-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ કિસાન સન્માન યોજનાનો 21-મો હપ્તો જાહેર કર્યો

2) આગામી માર્ચ સુધીમાં રાજ્યના તમામ ખેડૂતોને સિંચાઈ માટે દિવસે વીજળી મળતી થઈ જશે-મુખ્યમંત્રીની જાહેરાત

3) રવિ સિઝનમાં જીરુંના વાવેતર માટે 6 જિલ્લાના ખેડૂતોને આવતીકાલથી 10 કલાક વીજ પુરવઠો મળશે

4) ગુજરાતમાં લાંબા સમય બાદ વાઘના આગમનની વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ પુષ્ટિ કરી

5) 8 કરોડ રૂપિયાનું સાયબર ફ્રોડ કરનાર બે આરોપીની મહેસાણામાંથી ધરપકડ

6) 36મી સિનિયર રાષ્ટ્રીય ફેન્સિંગ ચેમ્પિયનશિપમાં રાજ્યના ખેલાડીઓએ સુવર્ણ જીત્યો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM KISAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તમિલનાડુના કોયમ્બતૂરથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો 21-મો હપ્તો જાહેર કર્યો. દેશભરના નવ કરોડ જેટલા ખેડૂતોને 18 હજાર કરોડ રૂપિયાથી વધુની રકમ ચૂકવવામાં આવી. આ સાથે જ ગુજરાતના 49 લાખ 31 હજાર ખેડૂતોના ખાતામાં 986 કરોડ રૂપિયાથી વધુની રકમ જમા કરવામાં આવી.

શ્રી મોદીએ કિસાન ક્રેડિટ કાર્ડથી ખેડૂતોને 10 લાખ કરોડ રૂપિયાથી વધુની સહાય અપાઈ હોવાનો પણ ઉલ્લેખ કર્યો. કોયમ્બતૂરમાં દક્ષિણ ભારત પ્રાકૃતિક કૃષિ શિખર સંમેલનનું ઉદ્ઘાટન કરતા પ્રધાનમંત્રીએ ખેડૂતોને એક મોસમમાં એક એકર જમીન પર પ્રાકૃતિક ખેત પદ્ધતિ અપનાવવા અને આશ્ચર્યજનક પરિણામ જોવા હાકલ કરી.

(BYTE: PM NARENDRA MODI) – **NATURAL FARMING**

. . . . . . . . . . . . .

# CM PATEL ELECTRICITY

માર્ચ, 2026 સુધીમાં રાજ્યના તમામ ખેડૂતોને સિંચાઈ માટે દિવસે વીજળી મળતી થઈ જશે. ગાંધીનગરમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ જાહેરાત કરી. તેમણે ખેડૂતોને સંબોધતા કહ્યું કે, હાલ 98 ટકા કરતાં વધુ ખેડૂતોને દિવસે વીજળી મળે છે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ- મુખ્યમંત્રી )

કાર્યક્રમ દરમિયાન શ્રી પટેલના હસ્તે 980 કરોડ રૂપિયાથી વધુની સહાયનું વિતરણ પણ કરાયું.

. . . . . . . . . . . . .

# JEERA VIJ PURVATHO

રવિ સિઝનમાં જીરાના વાવેતરને ધ્યાને લઈને 6 જિલ્લાના ખેડૂતોને આવતીકાલથી 8 કલાકના બદલે 10 કલાક વીજ પુરવઠો મળશે. ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ માહિતી આપી. અમદાવાદ, મહેસાણા, પાટણ, સુરેન્દ્રનગર, વાવ-થરાદ અને મોરબીના 13 તાલુકાના ખેડૂતોને લાભ મળશે તેમ પણ તેમણે ઉમેર્યું.

(બાઇટ : હર્ષ સંઘવી – નાયબ મુખ્યમંત્રી)

આ ઉપરાંત દાહોદ જિલ્લાના દાહોદ અને ગરબાડા તાલુકાઓમાં પણ રવિ સિઝન માટે ૮ કલાકના બદલે ૧૨ કલાક વીજ પુરવઠો પૂરો પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . .

# GUJARAT TIGER

ગુજરાતમાં લાંબા સમય બાદ વાઘનું આગમન થયું છે. દાહોદના રતનમહાલમાં વાઘ જોવા મળી રહ્યો છે. જે મધ્યપ્રદેશ રાજ્યમાંથી આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ વાતની પુષ્ટિ કરતાં જણાવ્યું કે વાઘને પૂરતો ખોરાક મળી રહે તે માટેની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. વાઘના વસવાટ માટે રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળ સાથે ચર્ચા કરવામાં આવી રહી હોવાનું પણ શ્રી મોઢવાડિયાએ ઉમેર્યું.

(બાઇટ : અર્જુન મોઢવાડિયા, વન અને પર્યાવરણ મંત્રી)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# MEHSANA CYBER CRIME

મહેસાણા સાયબર ગુના પોલીસે 8 કરોડ રૂપિયાના સાયબર ફ્રોડ કરનાર બે આરોપીની ધરપકડ કરી છે. આ આરોપીઓએ મ્યૂલ એકાઉન્ટ એટલે કે , બીજાના બૅન્ક ખાતામાંથી બેંગ્લોર , પટના, મધ્યપ્રદેશ સહિત 7 રાજ્યોમાં છેતરપિંડીના ગુનાઓ કર્યા હોવાનું નાયબ પોલીસ અધિક્ષક મિલાપ પટેલે જણાવ્યું.

(બાઇટ : મિલાપ પટેલ- Dy. SP)

. . . . . . . . . . . . .

# MEHSANA DUDHSAGAR

મહેસાણાની દૂધસાગર ડેરીની ચૂંટણીનું આજે જાહેરનામું પ્રસિદ્ધ કરાયું. તે અંતર્ગત 24 નવેમ્બર સુધી ઉમેદવારી પત્ર ભરી શકશે. જેની ચકાસણી 25 નવેમ્બરે થશે. જ્યારે 27 નવેમ્બર સુધી ઉમેદવારી પત્ર પરત ખેંચી શકશે. 28 નવેમ્બરે ઉમેદવારોની આખરી યાદીની સાથે પ્રતિક ફાળવણી પણ કરાશે. આ ચૂંટણી અંતર્ગત 7 ડિસેમ્બરે વર્ધમાન હાઈસ્કૂલ ખાતે મતદાન યોજાશે. જ્યારે તે જ દિવસે સાંજે મત ગણતરી હાથ ધરાશે.

. . . . . . . . . . . . .

# DANG SIR

ડાંગ જિલ્લામાં ચાલી રહેલ મતદારયાદીના ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત નાગરીકોને તમામ પ્રકારની માહિતી તથા મદદ મળી રહે તે માટે આહવા જનસેવા કેન્દ્ર ખાતે હેલ્પ ડેસ્ક શરૂ  કરાયો

જેથી આહવા જનસેવા કેન્દ્ર ખાતે વર્ષ-૨૦૦૨ અને વર્ષ-૨૦૨૫ની મતદારયાદીની હાર્ડ કોપી સાથે મતદારયાદીની કામગીરીથી માહિતગાર હોય તેવા કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી  છે.

. . . . . . . . . . . . .

# HC DEESA FACTORY BLAST

બનાસકાંઠાના ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ મામલે સર્વોચ્ચ અદાલતના આદેશ બાદ ગુજરાત વડી અદાલતે આ અંગેની જાહેર હિતની અરજી-PIL સંદર્ભે કાર્યવાહી હાથ ધરી છે. વડી અદાલતે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-GPCB, ઉદ્યોગોના નિયામક અને ગુજરાત ફાયર સર્વિસના નિયામકને પક્ષકાર બનાવવા હુકમ કર્યો છે.

પીડિતો વતી વકીલ ઉત્કર્ષ દવેએ મૃતકોને 2 કરોડ વળતર , સમગ્ર તપાસ રાજ્ય બહારની પોલીસ પાસે કરાવવા અને સરકારના જવાબદાર અધિકારીઓ સામે તપાસ કરી અધિકારીઓને આરોપી બનાવવાની માંગ સાથે ગુજરાત વડી અદાલતમાં આ અરજી કરી હતી. આ અંગે વધુ સુનાવણી 25 નવેમ્બરે હાથ ધરાશે.

. . . . . . . . . . . . .

# FENCING CHAMPIONSHIP

36મી સિનિયર રાષ્ટ્રીય ફેન્સિંગ ચેમ્પિયનશિપમાં રાજ્યના ખેલાડીઓએ એક સુવર્ણ અને મહિલાઓની Epee-3 ટીમે કાંસ્ય ચંદ્રક જીત્યો છે. ગાંધીનગર જિલ્લા સ્તરની રમતગમત શાળા- DLSSની ભૂતપૂર્વ તાલીમાર્થી મિતવા ચૌધરીએ વ્યક્તિગત સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે , જે ગુજરાતના ફેન્સીંગના ઇતિહાસમાં 47 વર્ષમાં પહેલો સુવર્ણ ચંદ્રક છે.

જ્યારે મહિલાઓની Epee ટીમ કે જેમાં કડી DLSSની ભૂતપૂર્વ તાલીમાર્થી સિદ્ધિબેન ચૌધરી, ગાંધીનગર DLSSની ભૂતપૂર્વ તાલીમાર્થી અમીષા ચૌધરી અને હિંમતનગર DLSSની ભૂતપૂર્વ તાલીમાર્થી ભક્તિ પટેલે કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

. . . . . . . . . . . . .

# RAJPIPALA SGFI GYMNASTICS

રાજપીપળામાં રાજ્યકક્ષાની SGFI જીમ્નાસ્ટિક સ્પર્ધાઓનો નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો. ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે જણાવ્યું કે , અહીં રમતવીરોની ફિટનેસ તથા તેમના પ્રદર્શનને વધુ બહેતર બનાવવા માટે કોચો દ્વારા વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

શ્રી અંબુભાઈ પુરાણી સ્કૂલ ખાતે અંડર ૧૪ , ૧૭ અને ૧૯ રિધમિક જીમ્નાસ્ટિક, અંડર ૧૯ એક્રોબેટિક્સ જીમ્નાસ્ટિક તેમજ આર્ટિસ્ટિક જીમ્નાસ્ટિક સ્પર્ધાઓનો પ્રારંભ પૂર્વે રમતવીરોએ મહાનુભાવો સમક્ષ પોતાના ખેલ કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું.

. . . . . . . . . . . . .

# UNITY MARCH - OVERALL

દેશભક્તિના ગીતો અને તિરંગા સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરના PDPU થી સરદાર ચોક સુધી યુનિટી માર્ચ અંતર્ગત એકતા પદ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

ધરમપુર લાલ ડુંગરી વિસ્તારમાં ભવ્ય યુનિટી માર્ચ પદયાત્રા યોજાઈ.ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ તથા પ્રદેશ અગ્રણી અશોકભાઈ ધોરાજીયાની વિશેષ ઉપસ્થિતિમાં. ત્રણ દરવાજા ખાતે પુષ્પ સ્વાગત , નગરપાલિકા સર્કલ , સમડી ચોક અને પાલિકા હાઈસ્કૂલ ખાતે હારમાળા સ્વાગત કરાયું.

રાજકોટ ગ્રામ્ય - ૭૧ વિધાનસભાની 'એકતા યાત્રા' ખોખડદડ ગામે સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા ની ઉપસ્થિતિ માં યોજાઈ

આ યાત્રામાં શ્રી રૂપાલાએ સરદારશ્રીના સાદગી , દ્રઢ મનોબળ , નીડરતા સહિતના વ્યક્તિવના કેટલાક ઉદાહરણ પણ પુરા પાડ્યા હતાં. સરદાર પટેલના ગુણો નાગરિકોને કેળવવા અને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનવા સાંસદશ્રીએ અપીલ કરી હતી.

કચ્છમાં આવતીકાલે સવારે ૭ વાગે અંજાર વિધાનસભાથી નાની નાગલપરથી નીકળીને અંજાર શહેર ટાઉનહોલ સુધી તથા માંડવી વિધાનસભા વિસ્તારમાં બપોરે ૩ વાગે આશાપુર મંદિર પ્રાગપરથી શરૂ થઈને ન્યૂ મુન્દ્રા સુધી સરદાર વલ્લભભાઈ પટેલની સરદાર @150 ઉજવણી અંતર્ગત એકતા યાત્રા યોજાશે.આ એકતા યાત્રા દરમિયાન વૃક્ષારોપણ , એનએસએસ કેમ્પ , રાષ્ટ્રીય નાયકોની પ્રતિમાઓની સફાઈ અભિયાન, જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાશે.

. . . . . . . . . . . . .

# RAJKOT – MUSICAL NIGHT

રાજકોટ મહાનગરપાલિકાની સ્થાપનાની ૫૨-મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે આજે રાત્રે ૮ વાગ્યે રેસકોર્ષ ખાતે સુપ્રસિદ્ધ બોલિવૂડ સિંગર સચેત–પરંપરાની લાઈવ કન્સર્ટ “બોલીવૂડ મ્યુઝિકલ નાઈટ” યોજાશે

બોલિવૂડ સિંગર સચેત –પરંપરાએ જણાવ્યું કે , રાજકોટ મહાનગરપાલિકા શહેરીજનો માટે સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમોનું આયોજન કરીને શહેરની પ્રગતિમય સફરને ઉજવે છે. આજે સૌ શહેરીજનો આ કાર્યક્રમ માં આવો અને આજની નાઈટને સંગીતમય બનાવીએ.

. . . . . . . . . . . . .

# MADHAVPUR GHED VIKAS

પોરબંદરના માધવપુર ઘેડ ખાતે ભગવાન શ્રીકૃષ્ણ-રૂક્ષ્મણી યાત્રાધામનો બીજા તબક્કા હેઠળ 43 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે સર્વાંગી વિકાસ કરાશે. આ તબક્કામાં શ્રી માધવરાયજી મંદિરના પુનઃનિર્માણ , તટીય વિકાસ , વાહન રાખવા માટેની જગ્યાના પરિસરનો વિકાસ સહિતના વિકાસકાર્ય હાથ ધરાશે.

યાત્રાધામના પ્રથમ તબક્કામાં 48 કરોડ રૂપિયાના ખર્ચે શ્રી રૂક્ષ્મણી માતા મંદિર, ચોરી માયરાની જગ્યા , પ્રવેશ માર્ગ , બ્રહ્મકુંડ, મુખ્ય પ્રવેશદ્વાર અને તટીય વિકાસના કાર્ય પૂર્ણ કરાયા હોવાનું ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .